# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ નાણાકીય પરિણામોની જાહેરાત કરી

**ગુરુગ્રામ, ૨૦૨૩ :** ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ આજે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પૂરા થતા ત્રીજા ક્વાર્ટર માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા.

પરિણામો પર ટિપ્પણી કરતા, મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, ''નાણાકીય વર્ષના ક્વાર્ટર ૩માં,કંપનીએ સ્થિર મેક્રો વાતાવરણ વચ્ચે સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે. અમારા તમામ બિઝનેસ સેગમેન્ટ્સે અપેક્ષાઓ અનુસાર સંતોષકારક પરિણામો આપ્યા છે. જ્યારે અમે ફુગાવા અને ધિરાણને આક્રમક બનાવવાની આસપાસના ઉદ્યોગવ્યાપી પડકારો પર સંતુલિત દૃષ્ટિકોણ રાખીએ છીએ ત્યારે અમે સંકલિત મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ ઓર્ગેનાઇ-ઝેશન બનાવવાના અમારા લક્ષ્યોને હાંસલ કરવા માટે વિશ્વાસ ધરાવીએ છીએ. અમારી મૂલ્ય પ્રણાલી અને અમારા લોકો અમારા ગ્રાહકોની સફળતાના મૂળમાં રહે છે.